# ભિલોડાના લીલછા છાપરાં ગામે ૩૫ વર્ષીય યુવાનની હત્યા

ભિલોડા, તા.૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના લીલછા છાપરાં ગામના સીમ વિસ્તારમાં આશાસ્પદ નવ યુવાનના માથાના ભાગે અને ગળાના ભાગે તીક્ષ્ણ હથીયારો ધ્વારા ઘા કરી કરપીણ હત્યા કરી હત્યારા ફરાર થઈ જતાં ભિલોડા પંથકમાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ.વી.યુ.ચાવડા તેમજ આધારભુત પોલીસ સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ભિલોડા તાલુકાના ઈડર ધોરીમાર્ગ ઉપર આવેલ લીલછા છાપરાં ગામના સીમવિસ્તારમાં ખલવાડ ગામના રહેવાસી નવજીભાઈ અળખાભાઈ ડોડીયાર આશરે ઉંમર વર્ષ-૩૦ છે. મરણ પામનાર નવજીભાઈ ડોડીયાર અપરણીત હતો. લીલછા ગામના સીમવિસ્તારમાં ખેતી કરી તેમનું ગુજરાન ચલાવતા હતો.ગત રાત્રે અંધારૂ થયા બાદ નવજીભાઈ ડોડીયાર તેમના ખેતરમાં બનાવેલ ઘર પાસે સુઈ ગયા હતા તે દરમ્યાન અજાણ્યા હત્યારા ધ્વારા તેમના માથાના ભાગે અને ગળાના ભાગ ઉપર તીક્ષ્ણ હથીયાર વડે ઘા કરી ગંભીર ઈજાઓ પહોંચાડી કરપીણ હત્યા કરી હત્યારા ફરાર થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. નવજીભાઈ અળખાભાઈ ડોડીયારની કરપીણ હત્યાના બનાવ સંદર્ભે ભિલોડા તાલુકાના લીલછા છાપરાં ગામના રહેવાસી મુળજીભાઈ અળખાભાઈ ડોડીયારએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસ ધ્વારા હત્યાનો ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.



ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ.વી.યુ.ચાવડા હત્યાના બનાવ સંદર્ભે વધુ તપાસ ચલાવી રહ્યા હોવાનું જાણવા મળેલ છે.હત્યાના સમાચાર વાયુવેગે પ્રસરતાં લીલછા છાપરાં ગામે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા.

# દાંતીવાડામાં તાલુકામાં અકસ્માત થતા ગાડીમાંથી શંકાસ્પદ માંસનો જથ્થો મળ્યો !

દાંતીવાડા, તા.૨

દાંતીવાડા તાલુકાના ભાડલી અને જોરાપુર ગામ વચ્ચે ગત રાત્રિ ૮ વાગ્યાના સુમારે કમાન્ડર તેમજ સ્કોર્પિયો ગાડી વચ્ચે અકસ્માત થતા કમાન્ડર ગાડીના ચાલકને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેથી કરી પાલનપુર સિવિલ ખાતે ખસેડાયો હતો અને માંસ ભરેલી સ્કોર્પિયો ગાડીને ચાલક ગાડી મુકી ફરાર થઈ ગયો હતો.

મળતી માહિતી મુજબ દાંતીવાડા તાલુકાના ભાડલી અને જોરાપુર ગામ વચ્ચે ગત રાત્રિના ૮ વાગ્યાના સમય ગાળામાં કમાન્ડર જીપ નંબર જી-જે-૧૭-સી-૯૩૫૨ તેમજ સ્કોર્પિયો ગાડી નંબર જી-જે-૮-એફ-૨૯૪૩ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના પગલે આજુ બાજુથીલોકો દોડી ભેગા થયા હતા અને કમાન્ડર જીપના ચાલકને ગંભીર ઈજા થતાં તેને પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો અને સ્કોર્પિયોનો ચાલક ગાડી મૂકી ફરાર થઈ ગયો હતો. કમાન્ડર જીપના માલિક ચમનસિંહ શિવ સિંહ વાઘેલા રહે ભડથ, તા.ડીસાએ અકસ્માતની જાણ પાંથાવાડા પોલીસ મથકને કરી હતી. જાણ થતાંની સાથે જ પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ કરતાં સ્કોર્પિયો ગાડીના પાછળના ભાગે પ્લાસ્ટીકના બે બેગમાં શંકાસ્પદ માંસનો જથ્થો હોવાથી વેટનરી ડી.આર.કે. પટેલને બોલાવી માંસ એફેસલ માટે અમદાવાદ મોકલી આપ્યું હતું અને ફરાર સ્કોર્પિયો ગાડી ડ્રાઈવર સામે આઈપીસી કલમ ૨૭૯, ૩૩૭, ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો ગુનો દાખલ કરી માંસ કયા પ્રાણીનું છે? કયાંથી કયાં લઈ જવાતું હતું? જે સમગ્ર બાબતની તપાસ દાંતીવાડા આઉટ પોસ્ટ જમાદાર જશુભાઈ પઢીયાર તેમજ રાઈટર રણજીતસિંહ ચલાવી રહ્યા છે.



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)



પ્રાંતિજ શહેર ભાજપ સમિતિ દ્વારા પ્રમુખ સતિષભાઈ પંડયાના નેજા હેઠળ ભાજપની વિજય યાત્રા કાઢવામાં આવી હતી. શહેર ભાજપના કાર્યકરોએ ભાજપની ટોપી, કેસરિયા ખેસ, પહેરીને વિવિધ બેનરો સાથે યાત્રા કાઢવામાં આવી હતી. યાત્રામાં બાઈક, કાર અને મોટી ટ્રકોમાં બેસી કાર્યકરો જોડાયા હતા. વિજય સંકલ્પ યાત્રામાં જયસિંહ ચૌહાણ, અરવિંદભાઈ પરમાર, નગરપાલિકા પ્રમુખ ગિરીશભાઈ પાલિકાના ભાજપના કોર્પોરેટરો સહિત કાર્યકરો જોડાયા હતાં. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# પાલનપુર પાલિકાની કારોબારી સમિતિની કાર્યવાહી સામે રજૂઆત

પાલનપુર, તા. ૨

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા સતત વિવાદોના વમળમાં ફસાતી જાય છે. તાજેતરમાં પાલિકાની કારોબારી કમીટીની બેઠક મળી હતી. જેમાં જાગૃત સભ્યોને અંધારામાં રાખી કારોબારી ચેરમેનને હાંસલ કરેલી સત્તા સામે ખુદ ભાજપી નગરસેવકે કલેકટર સમક્ષ લેખિત રજુઆત કરી સ્ટે આપવાની માંગ કરતા ચકચાર મચી જવા પામી છે.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાની કારોબારી કમીટીની બેઠક અગાઉ મળી હતી. જેમાં રીવાઈઝ કામો અને રૂ.૫૦૦૦ સુધીની સત્તા કારોબારી ચેરમેનને આપવાનો ઠરાવ રજુ કરાયો હતો. જેની સામે કારોબારી કમીટીના ભાજપી સદસ્ય ભરત ઠાકોરે સુચન લખાવ્યું હતું કે, કારોબારી ચેરમેનને સત્તા આપવાની સામે મારો કોઈ વિરોધ નથી. પરંતુ ભવિષ્યમાં પાલિકાના આર્થિક હીતોને નુકસાન પહોંચે તો તેના માટે માત્ર ચેરમેનની અંગત જવાબદારી ફીકસ કરવાનું સુચન કર્યુ હતું. જે સુચનને લઈને ચેરમેને સત્તા હાંસલ કરવાનો ઈન્કાર કરી દેતા કમીટીની કાર્યવાહી પેન્ડીંગ કરવામાં આવી હતી.

બાદમાં તાજેતરમાં પાલિકાની કારોબારી કમીટીની બેઠક વહેલી સવારે મળી હતી. જેમાં કારોબારી ચેરમેને સત્તા હસ્તગત કરી લીધી હતી. જેની સામે આકરી પ્રતિક્રિયા આપતા ભાજપી નગરસેવક અને કારોબારી ચેરમેન ભરત ઠાકોરે જણાવ્યું હતું કે, મને તથા મારા અન્ય સાથી મિત્રોને અંધારામાં રાખી એજન્ડાની બજવણી કર્યા વિના કમીટી બોલાવવામાં આવી હતી. ચાલુ કમીટીએ મને સાથી સભ્યનો ફોન આવતા હું કમીટીમાં પહોંચ્યો હતો. જયાં પાલિકાના અને ભાજપના વ્યાપક હીતમાં મેં મારૂ સુચન લખાવવાનો આગ્રહ સેવ્યો હતો. પરંતુ ચેરમેન અને તેમના મેળાપીપણામાં રહેલા પાલિકાના જવાબદાર કર્મચારીઓ ૨૪ મીનીટી સુધી લમણાઝીંક કરવા છતા કમીટી પુરી થઈ ગઈ હોવાનું જણાવી જતા રહયા હતા. જે અંગે ભરત ઠાકોરે કલેકટર, નગરપાલિકા નિયામક, પ્રમુખ અને મુખ્ય અધિકારીને લેખિત રજુઆત કરી કમીટીની કથિત કાર્યવાહી પર રોક લગાવવાની માંગ કરી હતી.

જોકે, પાલિકાના કારોબારી ચેરમેન વિજય જોશીએ દ્રઢતાપુર્વક પોતાના પર થયેલા આક્ષેપોને રદીયો આપતા આક્ષેપ કરનાર કમીટીમાં ગેરહાજર હતા અને એજન્ડાની બજવણી થયેલ હોવાનું જણાવી કારોબારી કમીટીમાં થયેલી કાર્યવાહીને કાયદેસરની ઠેરવી હતી. જયારે ભરત ઠાકોરે પોતે નગરપાલિકામાં પહોંચ્યા બાદ તેઓના નિવાસસ્થાને તેમના એજન્ડાની બજવણી ચાલુ કમીટીએ થઈ હોવાનો આક્ષેપ કરી પોતાને કમીટીથી દુર રાખનાર અને પોતાનું સુચન ન લખનાર કસુરવારો સામે જરૂર પડે કોર્ટના દ્વાર ખખડાવી સાંયોગીક પુરાવા આપવાની તત્પરતા દાખવી તાત્કાલીક આ કાર્યવાહી પર સ્ટે મુકવાની માંગ કરતા ભાજપી વર્તુળોમાં ચકચાર મચી જવા પામી હતી. જોકે,સમગ્ર પ્રકરણમાં પાલિકાના પ્રમુખ અને શહેર ભાજપ સંગઠનને પણ અંધારામાં રખાયું હોવાના આક્ષેપો વચ્ચે હવે સમગ્ર મામલો કલેકટર સુધી પહોંચ્યો છે. ત્યારે પાલિકા પ્રમુખ, શહેર ભાજપ સંગઠન અને કલેકટર કેવો રૂખ અપનાવે છે તેના પર શહેરીજનોની મીટ મંડાઈ છે.ત્યારે આગામી લોકસભાની ચૂંટણી ટાણે પાલિકાની આંતરીક ટાંટીયાખેંચ ભાજપને નુકસાન પહોંચાડે તે પહેલા ભાજપ મોવડી મંડળ સહીત સંસદસભ્ય મામલો થાળે પાડે તેવી લાગણી ખુદ ભાજપી કાર્યકરો વ્યકત કરી રહયા છે.

# ઊંઝા-પાટણ માર્ગ પર અપહરણ-લૂંટની ઘટના

ઊંઝા, તા.૨

ગઈ રાત્રે અમદાવાદથી પાટણ તરફ જઈ રહેલ એક વ્યકિતને ઊંઝા-પાટણ રોડ પર મોટરકારમાં બેસાડીને કેટલાક ઈસમોએ હથિયારોથી ઈજા પહોંચાડીને રૂપિયા પંદર હજારની લૂંટ કરી નાસી છૂટયા હોવાનો બનાવ બનતાં સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી જવા પામી છે.

પોલીસના જણાવ્યા મુજબ મૂળ પાટણ જિલ્લાના અજીમાણા ગામના વતની અને હાલ ઓઢવ અમદાવાદ ખાતે રહેતા ફરિયાદી દેસાઈ ખેંગારભાઈ જેસંગભાઈ અમદાવાદથી પાટણ તરફ જવા નીકળ્યા હતા ત્યારે માર્ગમાં રાત્રિના સમયે ઊંઝાથી પાટણ તરફ જતી કાળા કાચવાળી મોટરકારમાં બેઠેલા કેટલાક ઈસમોએ તેમને ઊંઝાથી ગાડીમાં બેસાડી દીધા હતા. બાદ મોટર કારમાં બેઠેલા ઈસમોએ ફરિયાદીને તું અમદાવાદ કેમ છોડતો નથી? તેમ કહી લાકડી, પાઈપ અને હોકી જેવા હથિયારો વડે માર માર્યો હતો જેથી ફરિયાદીને હાથના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. ત્યારબાદ તેમની પાસેથી રૂપિયા પંદર હજારની લૂંટ ચલાવી કયાંક નાસી છૂટયા હતા.

આ બનાવ અંગે ઊંઝા પોલીસે અપહરણ, લૂંટ, શારિરીક મહાવ્યથા તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપવા બાબતે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ ગુનામાં તહોમતદાર તરીકે ગાડી ચાલક, રબારી રેવાભાઈ જેસંગભાઈ, રબારી સરતાનભાઈ કાળાભાઈ બંને રહે. મેળોજ તથા રબારી વેલાભાઈ ખેંગારભાઈ મૂળ રહે વાલમ હાલ અમદાવાદના નામો દર્શાવાયેલ છે. લૂંટના આ બનાવ અંગે લોકોમાં તરેહ તરેહની વાતો ચર્ચાય છે.



પ્રાંતિજ અવરઓન હાઈસ્કૂલનો વાર્ષિકોત્સવ યોજવામાં આવ્યો હતો. વાર્ષિકોત્સવમાં શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ થીમ પર સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી ભાગ લીધો હતો. જેમાં એકપાત્રિય અભિનય, લોકગીતો, સાંસ્કૃતિક નૃત્યોમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લઈ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે અમદાવાદના ડૉ. ખુર્શીદ સૈયદ, વિશ્વનાથ રેડ્ડી, પ્રાંતિજ નગરપાલિકા પ્રમુખ ગિરીશભાઈ પટેલ, ટ્રસ્ટી મંડળ, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# પ્રાંતિજ, હિંમતનગર કિસાન સંઘ ભ્રષ્ટાચાર મુકિત અભિયાન હાથ ધરશે

## સરકારી કચેરીઓમાં કિસાનો આવેદનપત્ર આપશે

પ્રાંતિજ, તા.૨

પ્રાંતિજ તાલુકા કિસાન સંઘ દ્વારા આગામી તા. ૪ માર્ચથી ભ્રષ્ટાચાર મુકિત અભિયાનનો આરંભ કરી તા. ૧૦ના રોજ હિંમતનગર અને પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે ભ્રષ્ટાચાર વિરોધ આવેદનપત્ર આપશે.

ભારતીય કિસાન સંઘ હિંમતનગર તાલુકા અને પ્રાંતિજ તાલુકા દ્વારા રાજયની કચેરીઓમાં ચાલતા વ્યાપક ભ્રષ્ટાચારને લઈ આગામી તા. ૪ માર્ચથી તા. ૧૦ માર્ચ દરમિયાન તાલુકાના ગામે ગામ ફરીને ભ્રષ્ટાચાર મુકિત અભિયાન હાથ ધરવામાં આવનાર છે.

પ્રાંતિજ કિસાન સંઘના પ્રમુખ ઈશ્વરભાઈ પટેલે જણાવ્યું હતું કે હાલના તબક્કે સામાન્ય માણસને સરકારી કામ કરાવવા માટે પંચાયતથી લઈ જિલ્લા કલેકટર કચેરીઓના કર્મચારીઓ દ્વારા લાંચની માગણી કરવામાં આવતી હોય છે. સાબરકાંઠા જિલ્લાની ગરીબ પ્રજાને લાંચ ન આપવાથી કર્મચારીઓ કચેરીઓમાં ધક્કા ખવડાવતા હોય છે. લાંચિયા કર્મચારીઓને ખુલ્લા પાડવા માટે અમે અભિયાન દ્વારા હથિયાર ઉઠાવ્યું છે.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે જન જન કી હે પુકાર, ભ્રષ્ટાચાર પર કરો પ્રહાર જેવા સુત્રો અને બેનરો પ્રદર્શિત કરી સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં જાગૃતિ અભયાન હાથ ધરવામાં આવશે. ભ્રષ્ટાચાર મુકિત અભિયાનમાં કિસાન સંઘના હોદેદારો, કાર્યકરો અને ખેડૂતો જોડાશે.

જિલ્લા અને તાલુકાના આગેવાનો દ્વારા તા. ૧૦ માર્ચના રોજ હિંમતનગર, પ્રાંતિજ ખાતેની સરકારી કચેરીઓમાં આવેદનપત્ર આપવામાં આવશે અને જો ભ્રષ્ટાચાર નાબૂદ કરવામાં નહિ આવે તો આગામી દિવસોમાં કિસાનો જન આંદોલન પણ કરશે.

## કેજરીવાલની પ્રથમ રેલી બાપુનગરમાં જ યોજાશે

અમદાવાદ,તા.૨

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ગઢમાં રેલી કરવાની તૈયારીમાં છે. કેજરીવાલ આઠમી માર્ચના દિવસે બાપુનગરમાં વિજય ચોક ખાતે પ્રથમ જાહેર સભાને સંબોધશે.

ત્રણ દિવસની મુલાકાતના ભાગરૂપે કેજરીવાલ પ્રચાર કરવા માટે આવશે. તેમના પોતાના ગઢ બાપુનગરમાં નરેન્દ્ર મોદીને પડકાર ફેંકવા માટે કેજરીવાલ તૈયાર છે. બાપુનગરમાં ઉત્તર ભારતીયો અને સૌરાષ્ટ્રના લોકોની વસ્તી રહેલી છે. એએપીના નેતાઓના જણાવ્યા મુજબ કેજરીવાલ સવારમાં આવી પહોંચશે અને ત્યારબાદ ગાંધી આશ્રમ ખાતે જશે.

# ખેડબ્રહ્મામાં લાયસન્સ વિના ધમધમી રહેલી ખાણી પીણીની લારીઓ : તંત્રનું ભેદી મૌન

ખેડબ્રહ્મા, તા. ૨

શહેરમાં ખાણી-પીણીની લારીઓનો રાફડો ફાટી નિકળવા પામ્યો છે. વધુ નફાની લાલચમાં ગ્રાહકોના આરોગ્ય સામે છળકપટ કરતા વેપારીઓ સામે તંત્ર લાલ આંખ કરી આવા લેભાગુ વેપારીઓ સામે કડક કાર્યવાહી કરે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

ખેડબ્રહ્મા શહેરમાં મુખ્ય બજાર ઉપરાંત ઠેક ઠેકાણે દાબેલી, પાણીપુરી, પફ, વડાપાઉં સહિતની ખાધ્ય સામગ્રી વેચતા લારીવાળાઓનો રાફડો ફાટી નિકળ્યો છે. ત્યારે પોતાની ભુખ સંતોષવા માટે અહિંથી પસાર થતા મુસાફરોને લારી વાળા પાસે નાસ્તો કરવાની ફરજ પડતી હોય છે ત્યારે વધુ નફો રળવાની લાલચ રાખી વેપારીઓ ભોળી જનતા સાથે રમત રમતા હોય તેવુ લાગી રહ્યું છે.

લોકો વેપારીઓ સામે એવી ફરિયાદ કરતા હોય છે કે આવા વેપારીઓ પીવા માટે ડહોળુ અને ગંદુ પાણી આપે છે. સાફ કર્યા વગરના એંઠા વાસણમાં નાસ્તો આપે છે. ખાદ્ય ચીજવસ્તુઓને ખુલ્લામાં રાખી આપવામાં આવતી હોય છે. ગ્રાહકો દ્વારા ઊંચી કિંમત આપવા છતાં સુવિધાઓ અને આરોગ્યપ્રદ વસ્તુઓ આપવામાં આવતી નથી. તેથી રોગચાળો ફાટી નિકળવાની સંભાવના સેવાઈ રહી છે.

લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા વેપારીઓને નગરપાલિકા તંત્ર દ્વારા ઝડપી પાડે તેમ ખેડબ્રહ્માની પ્રજા ઈચ્છી રહી છે. તેમજ લાયસન્સ વગરની લારીઓની સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી જનતા જનાર્દન ખાણી-પીણી વેચતા લારીના સેમ્પલ લેવામાં આવે તેવી ઈચ્છા જનતા જનાર્દન તંત્ર પાસે રાખી રહી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



## પાદરડી સેવા મંડળીનો સુવર્ણ જયંતિ સમારોહ યોજાયો

તાલુકાની પાદરડી સેવા સહકારી મંડળીના ૫૦ વર્ષ પૂર્ણ થતા અમદાવાદ જમીન વિકાસ બેંકના ચરમેન કનુભાઈ પટેલની અધ્યક્ષતામાં સુવર્ણ જયંતિ સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંડળીના સ્મૃતિ ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું હતું. ખેડબ્રહ્મા તાલુકાના પાદરડી સેવા સહકારી મંડળીનો સુવર્ણ જયંતિ સમાહો આજ રોજ રવિવારે યોજવામાં આવ્યો હતો. સમારોહમાં મંડળી દ્વારા કરવામાં આવેલ વિકાસ કામોની ચર્ચા કરવામાં આવી હતી અને ઉપસ્થિત સભાસદોને અહેવાલ આપવામાં આવ્યો હતો. સમારોહમાં મંડળીની તકતીનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંડળીના સભાસદો, કર્મચારીઓ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.